### નર્મદા તાપી બેઝીન સંગઠન, કેન્દ્રીય જળ આયોગ, ગાંધીનગર દ્વારા

# સ્વચ્છતા પખવાડિયું તેમજ સ્વચ્છ ભારત વિષયે કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત લોકોને મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા આહ્‌વાન કર્યું હતું. આ ક્રમમાં નર્મદા તાપી બેઝીન સંગઠન, કેન્દ્રીય જળ આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૧૬થી ૩૧ માર્ચ દરમિયાન સ્વચ્છતા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન નર્મદા તાપી બેઝીન સંગઠન, કેન્દ્રીય જળ આયોગ, ગાંધીનગર દ્વારા શુક્રવારે સ્વચ્છ ભારત અભિયાન વિષયે એક કાર્યશાળાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળાનો શુભારંભ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, વેજલપુર વિસ્તારના ધારાસભ્ય કિશોરભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિએ સંસ્થા દ્વારા કરવામાં આવેલા આ પ્રયાસની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે આયોગના મુખ્ય અધિકારી ઍમ પી સિંઘ દ્વારા અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી. આ કાર્યશાલામાં આયોગના કર્મચારીઓ, કેન્દ્રીય ભૂમિ જલ બૉર્ડ, આઈઆઈટી, ગાંધીનગર, ઍનજીઓ તથા અન્ય નાગરિકોએ ભાગ લીધો હતો.

કાર્યશાળામાં આયોગના અધિક સચિવ વિમલ કુમાર અને કુશાગ્ર શર્મા, આઈઆઈટીના પ્રૉફેસર પી કે મહામાત્ર, સિનિયર જલવિજ્ઞાની અશોક કુમાર, ગુજરાત રાજ્ય સેવા સમિતિના ડૉ. પિયુષ સોલંકી તેમજ અન્ય મહાનુભાવો દ્વારા સ્વચ્છતા સંબંધી વિવિધ વિચારો પ્રગટ કરવામાં આવ્યા હતા.



## પાલનપુરમાં એન.એસ.યુ.આઈ. દ્વારા પ્રદીપસિંહ જાડેજાનું પુતળા દહન

જીલ્લા મથક પાલનપુરમાં કોંગ્રેસની પાંખ ગણાતી એન એસ યુ આઈના કાર્યકર્તા દ્વારા એરોમા સર્કલ પર પોલીસના વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. ગત રોજ ગુજરાત યુનિવર્સિટીમાં ચુંટણીના મુદ્દે પોલીસ દ્વારા એન એસ યુ આઈના ફલેગને સળગાવવામાં આવ્યો હતો. જેના વિરોધમાં આજે પાલનપુર અરોમા સર્કલ પર એન એસ યુ આઈના કાર્યકર્તાઓએ એકત્ર થઈ રાજયના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાનું જાહેરમાં પુતળા દહન કરી પોલીસની વિરુદ્ધ માં સુત્રોચાર કર્યા હતા. જો કે ગૃહમંત્રીના પુતળા દહન સમયે પશ્ચિમ પોલીસની ગેરહાજરી જોવા મળી હતી. એનએસયુઆઈના જિલ્લા પ્રમુખ નીતિન ડાકાએ પોલીસ ભાજપની એજન્ટ હોવાનો આરોપ મુકયો હતો.

# પ્રાંતિજ ધારાસભ્યને રીપીટ કરવા સામે વિરોધ

તલોદ, તા. ૩૧

રાજયભરમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ કરી રહેલા કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે તાજેતરમાં હિંમતનગરના નવા સરકીટહાઉસમાં હિંમતનગર, ઈડર, પ્રાંતિજ અને ખેડબ્રહ્મા બેઠક માટે સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડે જણાવ્યું હતું કે પ્રભારી અને નિરીક્ષકોએ તમામ દાવેદારોને વન ટુ વન સાંભળ્યા હતા અને આ ચાર બેઠકોના ૫૪ દાવેદારોએ વિધાનસભા મત વિસ્તારની વિગતો આપી પોતપોતાના જીતના કારણો રજુ કર્યા હતા.

હિંમતનગર બેઠક માટે તમામ ૨૪ દાવેદારોએ સ્થાનીક ઉમેદવારોની માંગ કરી હતી. પરંતુ પ્રાંતિજ વિધાનસભા માટે ચાલુ ધારાસભ્ય વિરૂધ ગંભીર આક્ષેપો સાથે ૭ દાવેદારોએ ઉગ્ર રજુઆત કરી હતી. રિપિટ નહી કરવાના કારણો લેખિતમાં રજુઆત કરતા તલોદમાંથી પ્રતિનિધિત્વ આપવા નિરીક્ષકોને માંગ કરાઈ હતી.

# તલોદ ખાતે રાજસ્થાની પરિવારો દ્વારા 'ગણગૌર' ઉત્સવ ઉજવાયો

તલોદ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતે આજે મૂળ રહે. રાજસ્થાનના એવા સંખ્યાબંધ ભાવિક પરિવારોએ 'ગણગૌર' ઉત્સવની અનુભવી હતી.

ગણગૌરના મહોત્સવનો આગવો મહિમા રાજસ્થાન પ્રાંતમાં છે. તેમજ રાજસ્થાનમાંથી સાબરકાંઠાના તલોદ ખાતે બછછાણી પરિવારના યજમાનપદે તલોદ સ્થિત ઢાટ મહેશ્વરી સમાજ વૈરા ગણગૌરની ઉજવણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ગણગૌરની



ઉજવણી એક ભવ્ય ધર્મોત્સવરૂપે કરી હતી. ૧૮ દિવસના સમયગાળા દરમ્યાન ચાલેલા આ ઉત્સવનું સમાપન આજે ભગવાન શ્રી શિવ-પાર્વતિના વિવાહ પ્રસંગથી થયું હતું. ગણગૌરની ઉજવણી પ્રસંગે પૂજન-અર્ચન, આરાધના, ગરબા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને શોભાયાત્રાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અનન્ય ભક્તિભાવપૂર્વક થયેલી આ પ્રસંગની ઉજવણીમાં કુમારિકાઓ, સૌભાગ્યવતી મહિલાઓ તથા અબાલ વૃદ્ધજનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને ધન્યતા દાયકાઓથી સંખ્યાબંધ વેપારી પરિવારો ધંધા-રોજગાર અર્થે આવી વસ્યા છે. જેઓ અહિં પણ આ ઉત્સવની ઉજવણી કરતા હોય છે. ગણગૌરનો ઉત્સવ ધૂળેટીના દિવસથી શુભારંભ પામે છે અને ચૈત્ર સુદી ૩ ને દિવસે એટલે કે અઢારમાં દિવસે સમાપન પામે છે. જે અંતર્ગત ચોથલીયો, અઠલીયો, દશલીયો અને આજના અંતિમ દિવસે શિવ-પાર્વતી વિવાહ પ્રસંગની ઉજવણી કરવામાં આવે છે.

ચાલુ સાલે તલોદ ખાતે માર્કેટયાર્ડના અગ્રણી વેપારી આસનદાસ ટીકમદાસ ચાંડક અત્યંત ઉત્સાહ અને આસ્થા સાથે ઉજવણી કરવામાં આવતો ઉત્સવ કુંવારિકાઓ પોતાને યોગ્ય અને મનપસંદ જીવનસાથી મળે તે માટે અને સૌભાગ્યવતી મહિલાઓ પોતાના ભરથારનું તંદુરસ્ત અને દિર્ધઆયુ જીવન મળે તેવા શુભાશય સાથે કરતા હોવાનું મનાય છે. આજે તલોદના સુખરામ પરસરામ શાહને ત્યાંથી ભગવાનશ્રી શિવજી (ઈશ્વરજી)ની શોભાયાત્રા વાજતેગાજતે અભયકુમાર આસનદાસ ચાંડકને ત્યાં લગ્ન મંડપે પહોંચી હતી. જ્યાં ગણગૌરના વિવાહ પ્રસંગનું વિધિવત આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજકોટમાં પીએસઆઈએ ગળેફાંસો ખાતા સનસનાટી

રાજકોટમાં બી ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બ જાવતા પીએસઆઈએ આપઘાત કરી લેતા પોલીસ બેડામાં સનસનાટી મચી ગઈ છે. રાજમોતી પ્રકરણ બાદ તાજેતરમાં જ ઉપલેટામાં થયેલા પોલીસ કેસના કારણે પીએસઆઈ હાલ ડિપ્રેશનમાં હોવાની વિગત સપાટી પર આવી છે. રાજકોટમાં રામનાથપરા પોલીસ લાઈનમાં પોલીસ અધિકારી મેહુલ ચીથરભાઈ મારૂ ફરજ બજાવી રહ્યા હતા. રાજકોટના રામનાથપરા પોલીસ ક્વાર્ટરમાં રહેતા અને બી ડીવીઝન પોલીસ મથકમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા મેહુલ ચીથરભાઈ મારૂ ઉ.વ.૩૨એ ગતરાત્રીના પોતાના ઘરે પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતા જાગી જતા ચીથરભાઈએ દેકારો કરતા આસપાસના લોકોએ તેને બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. એ ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ ખાંભલા સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલે દોડી જઈ તપાસ કરતા પીએસઆઈ મારૂ બે ભાઈ એક બેનમાં મોટા હોવાનું અને તેને સંતાનમાં બે પુત્રી હોવાનું અને પિતા બીએસએનએલમાં નોકરી કરતા હોય હાલ નિવૃત હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

# ભાજપને ક્લિનચિટ મળી હતી તો રિપોર્ટ કેમ રોકાયો

### તમામ જ વોલ્યુમમાં ટેકનીકાલીટી બતાવવામાં આવી છે મોદીને કોઈ ક્લિનચિટ અપાઈ નથી : શક્તિસિંહનો ધડાકો

અમદાવાદ, તા.૩૧

શક્તિસિંહ ગોહિલે આજે ગૃહમાં રજુ થયેલ જસ્ટીસ એમ બી શાહના કમિશનના રિપોર્ટ અંગે પ્રતિક્રિયા આપતાં ઈલેક્ટ્રોનિક મીડીયા અને પત્રકાર મિત્રોને સંબોધતાં જણાવ્યું હતું કે, કોઈપણ કમિશન નીમાય છે તે કમિશન ઓપ ઈન્કવાયરીઝ એક્ટ હેઠળ નીમાય છે. ભાજપને જો આમાં ક્લીનચીટ મળી હતી તો નિયમ મુજબ રિપોર્ટ આવ્યા બાદ તુરંત ગૃહમાં મુકવો જોઈએ, તેનો અભ્યાસ પછી થાય. મારો પ્રશ્ન એ છે કે, જ્યારે ભાજપને ક્લીનચીટ મળી હતી તો તેણે પાંચ વર્ષ સુધી રિપોર્ટ કેમ રોકી રાખ્યો. શું ભાજપ સરકાર કંઈ મેનેજ કરવા માંગતી હતી. શું રિપોર્ટમાં સુધારો કરવા માંગતી હતી. શું એમા કોઈ તોડ જોડ કરવા માંગતી હતી.

આજે જ્યારે રિપોર્ટ ગૃહમાં મુક્યો છે ત્યારે તેની નકલ ન વિરોધપક્ષ પાસે છે ન તો મીડીયા કે અન્ય કોઈ પાસે છે ન તો મીડિયા કે અન્ય કોઈ પાસે. ગોહિલે જણાવ્યું હતું કે, મેં ૨૦૧૩ના ૧૨ અને ૨૦૧૨ના પાંચ એમ બધા વોલ્યુમ જોયા છે. બધા વોલ્યુમમાં ટેકનીકાલીટી બતાવવામાં આવી છે, મોદીને કોઈ ક્લીનચીટ આપી નથી. જેમ કે, સુજલામ સુફલામ ટેકનીકાલીટી બતાવવામાં આવી છે કે, આ બાબત જાહેર હિસાબ સમિતિ જુએ છે, જે સ્પીકરની પ્રોપર્ટી છે, એમ કહી ટેકનીકલ ગ્રાઉન્ડ પર તેને રોકવામાં આવ્યો. કચ્છમાં ઉદ્યોગકારને ગેરકાયદેસર જમીન આપવામાં આવી છે, તેમાં કમિશને લખી દીધું છે કે, મેટર સબજ્યુડીસ છે. એમાં સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ આવ્યું, સ્ટ્રિક્ચર પાસ થયા, મુખ્યમંત્રી વિરુદ્ધ સ્ટ્રિક્ચર પાસ થયા, મહેસુલ મંત્રી સામે સ્ટ્રિક્ચર પાસ થયા અને એ જમીનની કિંમત સરકારમાં ડીપોઝીટ કરવા માટે સુપ્રિમ કોર્ટ ઓર્ડર કર્યો, ત્યારે કમિશને એમાં ટેકનીકલ ગ્રાઉન્ડ બતાવી દીધું. કમિશનના આખા રિપોર્ટનો અભ્યાસ કરીશું તો જણાશે કે એમાં મોદીને ક્લીનચીટ છે જ નહીં અને મારો સીધો આરોપ છે કે ભાજપે કમિશનનો રિપોર્ટ આવતો રોક્યો, એનો મતલબ એ છે કે તમે ક્યાંકને ક્યાંક ભુલ સુધારવાની ચોરી છુપાવવા માટે વિન્ડો ડ્રેસીંગ કરી રહ્યા હતા. જો એમ નહોતુ તો નિયમો મુજબ એક દિવસ પણ રિપોર્ટ રોકી શકતા નહોતા અને પાંચ વર્ષ સુધી કેમ રોકી રાખ્યો અને આજે પણ તેમાં તેમને ક્લીનચીટ મળી નથી.

# ૨૯૬૦ આંગણવાડીમાં ગેસ કનેકશન અપાયા છે

અમદાવાદ, તા.૩૧

આદિજાતિ વિસ્તારના દાહોદ જિલ્લાના આઠ તાલુકાઓમાં ૨૯૬૦ આંગણવાડીઓમાં રાજય સરકારે ગેસ કનેકશન આપ્યા છે, હવે માત્ર ૯૬ આંગણવાડીઓમાં ગેસ કનેકશન આપવાના બાકી છે. ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ કટારાના પ્રશ્નના જવાબમાં મહિલા અને બાળ કલ્યાણ રાજયમંત્રી ડૉ.નિર્મલાબેન વાઘવાણીએ આ માહિતી આપી હતી. મંત્રી ડૉ.નિર્મલાબેન વાઘવાણીએ જણાવ્યું હતું કે, એક આંગણવાડીમાં ગેસ કનેકશન આપવા માટે રાજય સરકાર ૪૯૨૦ જેટલો ખર્ચ કરે છે.

આંગણવાડીઓમાં ગેસ જોડાણો આપતાં આંગણવાડી મહિલા કાર્યકર બહેનોના આરોગ્ય અને સ્વાસ્થ્ય સામેના પ્રશ્નો હળવા થયા છે. ભુલકાંઓ પણ વધુ સારા વાતાવરણમાં રહે છે, બાકી રહેલી આંગણવાડીઓમાં પણ બનતી ત્વરાએ ગેસ જોડાણો આપવામાં આવશે, એવી તેમણે ખાતરી આપી હતી.



## થ્રેસરમાં ઘઉં કાઢવાની કામગીરી શરૂ

રવિ સિઝનમાં ઘઉંનો પાક મુખ્યત્વે કરવામાં આવે છે. કડકડતી ઠંડીમાં ઘઉંના પાકનું પિયત કરી ખેડૂતોએ ઘઉંની ઉપજ કરી હતી. હાલ ઘઉંનો પાક તૈયાર થઈ જતાં ખેતરોમાં થ્રેસરમાં ઘઉં કાઢવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જો કે સારા હવામાનના લીધે ઘઉંનો પાક સારા પ્રમાણમાં થયો છે તેમજ ભાવ પણ પોષણક્ષમ મળી રહ્યો છે.

## ધાંધલધમાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. વિધાનસભા અધ્યક્ષ રમણ વોરાએ જણાવ્યું હતું કે, તા. ૨૬મીએ લખેલા પત્રમાં એમબી શાહના કમિશનનો રિપોર્ટ મુક્યો તે બદલ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો દરમિયાન વિપક્ષ કોંગ્રેસના સભ્યો કલરિંગ બંડી પહેરી પોતાના સ્થાન પર ઉભા રહ્યા હતા આ બંડી પર એમબી શાહ કમિશનનો રિપોર્ટ મુક્યો, તેમજ જનરલ ડાયર માફી માગેના સુત્રો લખેલા હતા. આવા દેખાવો બંધ કરવા માટે અધ્યક્ષ દ્વારા સતત ચેતવણી આપવામાં આવી હતી. ભુપેન્દ્રસિંહ ચુડાસમા કોંગ્રેસનું મૌન તોડાવવા માટે આકરા રાજકીય પ્રહારો કર્યા. ગૃહને ઓર્ડરમાં લાવવા માટે અધ્યક્ષે પાંચેક વખત વિનંતી કરી હતી અને ભુપેન્દ્રસિંહ દ્વારા કોંગ્રેસ દિશા વિહીન બની ગઈ છે. બીજાબાજુ ગૃહમાં તેમના નેતાઓની ગેરહાજરીમાં શું નિર્ણય કરવો તે મુંઝાઈ રહ્યા છે. તેઓ દિશા વિહીન બન્યા છે. આ તબક્કે બલવંતસિંહ પર કોમેન્ટ કરી કે મુંઝાયેલ બલવંતસિંહ ગૃહમાં બેસવું કે બહાર જવું તે નક્કી નથી કરી શકતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ગુજરાત આત્મા છે અને દેશ ભારત પરમાત્મા છે. આથી મૌન તોડીને આગળ વધે તો સારુ, કોંગ્રેસ દ્વારા હવા, પાણી, જમીન અને પ્રદુષણમાં ભ્રષ્ટાચાર કર્યો છે. તેવા સંજોગોમાં કઈક મૌન તોડે તો ખબર પડે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ દ્વારા અધ્યક્ષની આમાન્યા જાળવવા માટે જણાવીને દેખાવો બંધ કરવાની અપીલ ચાલુ રાખી હતી.

આ મુદ્દો આગળ વધારતા ભુપેન્દ્રસિંહ મુંબઈની વિધવા બહેનોને ફલેટ પચાવી પાડવામાં પણ પાછળ નહી રહ્યા કોંગ્રેસને પ્રજા બરાબર ઓળખી ગઈ છે. બલવંતસિંહની હાલતમાં મને કોઠીમાંથી કાઢ તેવી હાલત છે. ઈન્દ્રનીલની વાત કરતા જણાવ્યું હતું કે, ઈન્દ્રનીલ દિલની વાત કરે છે. માગણી મુજબ અહેવાલ મુકયો હવે મનની વાત મુકો મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, વિપક્ષની માગણી અનુસાર રિપોર્ટ મુકી દીધો છે. એકશન ટેકન રિપોર્ટ તૈયાર થઈ ચુક્યો છે.

## દવાખાના બંધ કરાયા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરની આરોગ્ય સેવાઓના પુનઃ ગઠન માટેની નીતિના ભાગરૂપે આ દવાખાનાઓ બંધ કરવામાં આવ્યા છે. બીજી તરફ ગાંધીનગર શહેરને મહાનગરપાલિકા આપી દેવામાં આવી છે અને તેને પણ પાંચ વર્ષ જેટલો સમયગાળો થઈ ગયો છે. હાલ મનપા દ્વારા ચાર અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. તેવા સંજોગોમાં મનપાને આરોગ્ય સેવાઓ ટુંકમાં સોંપવામાં આવે તેવી શક્યતાઓ પણ નકારી શકાય નહિ.

## ચાર્જશીટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એફઆઈઆરને રદ કરવા કોર્ટ તરફથી આદેશની માંગણી કરીને અરજી કરી હતી. ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૫ના દિવસે સીબીઆઈ દ્વારા આઈપીસીની જુદી જુદી કલમો અને ભ્રષ્ટાચાર સાથે સંબંધિત મામલામાં જુદી જુદી કલમો હેઠળ વીરભદ્રસિંહ અને તેમના પત્ની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. સાથે સાથે સીબીઆઈએ પ્રાથમિક તપાસના રેકોર્ડ મંગાવવાની અપીલ કરી હતી. વીરભદ્રસિંહ અને તેમના પત્ની પ્રતિભાસિંહે અરજીમાં દાવો કર્યો છે કે આ સમગ્ર મામલો દ્વેષભાવથી પ્રેરીત છે. મુખ્યમંત્રીએ પોતાની અરજીમાં એવી દલીલ પણ કરી છે કે ખોટા ઈરાદા અને રાજકીય દ્વેષભાવ રાખીને તેમના આવાસ અને અન્ય સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. સીબીઆઈ દ્વારા આ કાર્યવાહી દબાણ હેઠળ કરવામાં આવી રહી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે સીબીઆઈ આ કેસ દાખલ કરવામાં પોતાના અધિકાર ક્ષેત્રથી પણ આગળ વધી ગઈ છે.

સિંહે દાવો કર્યો હતો કે એક વર્તમાન મુખ્યમંત્રીના આવાસ ઉપર દરોડા પાડતા પહેલા રાજ્ય સરકાર અથવા તો ગૃહ વિભાગ પાસેથી પરવાનગી લેવામાં આવી ન હતી. બીજી બાજુ સીબીઆઈએ એવો દાવો કર્યો છે કે આ કેસમાં વીરભદ્રસિંહ સામે કરવામાં આવેલા આક્ષેપો ખૂબ જ ગંભીર પ્રકારના છે. સાથે સાથે નાણાંની રકમ પણ ખૂબ મોટી છે. જેથી સમગ્ર મામલામાં ઝડપથી તપાસ કરવામાં આવી રહી હતી. તેમને બચાવી લેવાને લઈને રાજ્ય સરકાર દ્વારા પ્રયાસ થઈ રહ્યા હતા. ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે સીબીઆઈએ કેસ દાખલ કર્યો હતો. ભ્રષ્ટાચાર અટકાયત ધારા હેઠળ આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેના આધાર ઉપર તપાસ હાથ ધરાઈ હતી. વીરભદ્રસિંહ, તેમના પત્ની પ્રતિભાસિંહ, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનના એજન્ટ આનંદ ચૌહાણ અને તેમના સાથી ચુનીલાલ સામે ભ્રષ્ટાચાર અટકાયત ધારા હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

## સુપ્રીમનો ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સહિત એડવોકેટ ઓન રેકોર્ડ સુધીની માહિતી આપી ન હતી. અયોધ્યા વિવાદમાં સૌથી જૂના અરજી કરનારાઓ પૈકી એક અંસારીએ ગયા વર્ષે જુલાઈમાં ૯૫ વર્ષની વયમાં હાર્ટ સંબંધિત બીમારીથી અવસાન થઈ ગયું હતું. તેઓ આ મામલામાં ફૈજાબાદની કોર્ટમાં અરજી કરનાર પ્રથમ વ્યક્તિ હતા. અંસારીના પુત્ર ઈકબાલે પત્રમાં કહ્યું હતું કે ડૉ.સુબ્રમણ્યમ સ્વામીએ આ કોર્ટની સમક્ષ તેની દરરોજની સુનાવણી માટે ૨૧મી માર્ચ ૨૦૧૭ના મામલાનો ઉલ્લેખ કર્યો હતો. સ્વામી પક્ષકાર તરીકે રહ્યા નથી. અત્રે નોંધનિય છે કે ૨૧મી માર્ચના દિવસે સુપ્રિમ કોર્ટે મહત્વપૂર્ણ સૂચન કર્યું હતું. આ સૂચનના ભાગરૂપે સુપ્રિમ કોર્ટે રામજન્મ ભૂમિ-બાબરી મસ્જિદ વિવાદને મંત્રણા મારફતે ઉકેલ લાવવા તમામ પક્ષોને સૂચન કર્યું હતું. બંને પક્ષો પારસ્પરિક વાતચીત અને સમજૂતિ મારફતે કોર્ટની બહાર વિવાદનો ઉકેલ લાવે તેવું સૂચન સુપ્રીમ કોર્ટે કર્યું હતું. સીજેઆઈ જેએસ ખેહરના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, આશરે એક સદી જુના વિવાદમાં હિન્દુ અને મુસ્લિમ વચ્ચે જટિલ મામલાને ઉકેલવા પક્ષો દ્વારા પસંદ કરવામાં આવેલા મધ્યસ્થીઓ સાથે મુખ્ય મંત્રણાકાર તરીકે તેઓ બેસવા માટે તૈયાર છે. સુપ્રીમ કોર્ટે આજે અનેક તર્કદાર સૂચન કર્યા હતા. સુપ્રીમે કહ્યું હતું કે, જો જરૂર પડશે તો કોર્ટ પણ મધ્યસ્થી કરવા માટે તૈયાર છે.

## વ્યાજદરમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રિમાસિક ગાળાના આધાર ઉપર ફેરફાર કરવામાં આવી રહ્યા છે. નાણા મંત્રાલયના નવા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે પબ્લિક પ્રોવિડન્ડ ફંડ (ઈપીએફ) સ્કીમમાં મૂડીરોકાણથી ૭.૯ ટકાનું વ્યાજ મળશે. આવી જ રીતે પાંચ વર્ષમાં રાષ્ટ્રીય બચત પ્રમાણપત્રમાં પણ રહેશે. આ બે સ્કીમ માટે પ્રવર્તમાન રેટ ૮ ટકા હતા. જ્યારે કિસાન વિકાસપત્રમાં મૂડીરોકાણની સ્થિતિમાં ૭.૬ ટકાનું વ્યાજદર રહેશે અને ૧૨ મહિનામાં પાકતી મુદત રહેશે. બાળકી બચત માટેની સુકન્યા સમૃદ્ધિ ખાતા સ્કીમમાં વાર્ષિક ૮.૪ ટકાની ઓફર કરવામાં આવી રહી છે જે હાલમાં ૮.૫ ટકા હતી. જ્યારે પાંચ વર્ષના સિનિયર સિટીઝન બચત સાથે સંબંધિત સ્કીમ માટે વ્યાજદર ૮.૪ ટકા રહેશે. સિનિયર સિટીઝન સ્કીમ ઉપર વ્યાજદર ત્રિમાસિક ગાળામાં ચુકવવામાં આવે છે. જ્યારે એકથી પાંચ વર્ષના ટર્મ ડિપોઝીટ ઉપર વ્યાજ ૬.૯-૭.૭ ટકા રહેશે. તેની ચૂકવણી ત્રિમાસિક આધાર પર કરવામાં આવનાર છે.

## અમીરોનું દેવું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તરફ તરત ધ્યાન આપવામાં આવી રહ્યું છે પરંતુ ખેડૂતોની માંગણી તરફ બિલકુલ ધ્યાન આપવામાં આવ્યું નથી. ખેડૂતો લાંબા સમયથી બેઠા છે ત્યારે સરકાર અને વડાપ્રધાન તરફથી તેમની માંગણી તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. કોઈ વાતચીત માટેની પહેલ પણ કરવામાં આવી રહી નથી. જેથી ખેડૂતોનું અપમાન થઈ રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જ ૫૦ ઉદ્યોગપતિઓના ૧.૪ લાખ કરોડના દેવાને માફ કરી દેવામાં આવ્યું છે પરંતુ ખેડૂતોના કેસમાં આવા કોઈ પગલાં લેવામાં આવી રહ્યા નથી. તેમના દેવાને કેમ માફ કરવામાં આવી રહ્યું નથી. વડાપ્રધાનની આ જવાબદારી બને છે. દેખાવકારો સાથે વાતચીત કર્યા બાદ રાહુલે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી.

૧૫ મિનિટ સુધીની વાતચીત દરમિયાન રાહુલે દેખાવકારોની માંગણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. સાથે સાથે એવી ખાતરી આપી હતી કે કોંગ્રેસ તેમના માટે લડત ચલાવશે અને તેમની ફરિયાદોનો મુદ્દો જોરદાર રીતે ઉઠાવશે.

## આજીવન કેદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માનવાવાળી કોંગ્રેસ ગેરહાજરી છે. ગૌ હત્યાના કાયદાનો વિરોધ ન કરવો પડે એટલે યેકકેન પ્રકારે કોંગ્રેસ ગૃહમાંથી બહાર રહી છે. ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૭ની કડક જોગવાઈઓ અંગે જણાવતા ગૃહ રાજયમંત્રી પ્રદિપસિહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગૌવંશના પશુઓની હત્યા કરવા કે કરાવવા માટે જે કોઈ વ્યક્તિ દોષિત ઠરશે તો તેને આજીવન કેદની મુદત સુધીની, પણ ૧૦ વર્ષથી ઓછી નહીં તેટલી મુદતની કેદની સજા થશે, અને ૫ લાખ સુધીના દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. અગાઉ આ ગુનામાં ૩ થી ૭ વર્ષની કેદ અને ૫૦,૦૦૦ સુધીના દંડની જોગવાઈ હતી. મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગૌવંશની ગેરકાયદેસર હેરફેર અથવા ગૌમાંસ કે ગૌમાંસની બનાવટો વેચવા, રાખવા, સંગ્રહ કરવા, હેરફેર કરવા કે પ્રદર્શિત કરવા સામે પણ સજાની જોગવાઈઓ કરવામાં આવી છે. આવુ કરતા જે વ્યક્તિ દોષિત ઠરશે તેને ૧૦ વર્ષ સુધીની, પણ સાત વર્ષથી ઓછી નહીં તેટલી મુદતની કેદની સજા ઉપરાંત ૫ લાખ સુધીના, પણ ૧ લાખ કરતા ઓછા નહીં તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કડક શબ્દોમાં જણાવ્યું કે, આ કાયદા હેઠળના તમામ ગુનાઓ જે પહેલાં જામીનપાત્ર હતા, તે તમામ ગુનાઓ પોલીસ અધિકારના અને બિન જામીનપાત્ર ગણાશે. ગૌવંશના પશુઓની હત્યા અને ગેરકાયદેસર હેરફેર જેવા ગુનાહિત કામો રાત્રીના સમયે થતા હોય છે, તેના તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરતા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગૌ વર્ગના પશુની હત્યાના હેતુસરની હેરફેર માટે ઉપયોગમાં લેવાયેલા વાહન કે સાધન રાજયસાત કરવામાં આવશે. ગૌમાંસ કે ગૌમાંસની બનાવટની હેરફેર, વેચાણ કે ખરીદી માટે ઉપયોગમાં લેવાયેલા વાહને કે સાધનને પણ રાજયસાત કરવામાં આવશે. ગૌવંશના પશુઓની હેરફેર માટે પરમીટ મેળવેલી હશે તેવા કિસ્સામાં પણ સાંજના ૭.૦૦ વાગ્યાથી સવારના ૫.૦૦ વાગ્યા સુધી ગૌવંશના પશુઓની હેરફેર પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવાની જોગવાઈ આ અધિનિયમ દ્વારા કરવામાં આવી છે.